# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 11-10-2024 Evening : 7.50 to 8.00
Day : Firday National News

## આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*****************************************************

- ભારત અને લાઓ PDR એ સંરક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવા અંગેની છ સમજુતીઓ ઉપર હસ્તાક્ષર કર્યા છે.
- આરબીઆઈએ ડિજીટલ ચૂકવણી પદ્ધતિનો દિવ્યાંગજનો સરળતાથી ઉપયોગ શકે તે હેતુથી બધી જ બેન્કોને તેમની ચૂકવણી સેવાઓમાં જરૂરી સુધારા કરવાનો નિર્દેશ આપ્યો છે.
- ગુજરાતના ખોરાક અને ઔષધનિયમન તંત્ર દ્વારા નાગરિકોના આરોગ્ય સામે ચેડાં કરનારા તત્વો સામે વ્યાપક તપાસ શરુ કરવામાં આવી છે.
- મહારાષ્ટ્રના દેવળાલી ખાતેના ફાયરિંગ રેન્જમાં થયેલા એક અકસ્માતમાં રાજકોટ અને પશ્ચિમ બંગાળના બે અગ્નિવીર જવાનો શહીદ થયા છે.
- ભારતે લેબનોનની વર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે.
- જાપાનના નિહોન હિદાનક્યો સમૂહને આ વર્ષનો નોબલ શાંતિ પુરસ્કાર અપાશે..

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE. PM EAST ASIA SUMMIT

ભારત અને લાઓ PDR એ સંરક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવા અંગેની છ સમજુતીઓ ઉપર હસ્તાક્ષર કર્યા છે. સંયુક્ત રાષ્ટ્ર વિકાસ ભાગીદારી ભંડોળ દ્વારા લાઓસમાં પોષણક્ષમ આહાર સુનિશ્ચિત કરવાના પ્રોજેક્ટ માટે ભારત 10 લાખ અમેરિકી ડોલર આપશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને લાઓ PDR ના પ્રધાનમંત્રી સોનેક્સાય સિફાન્ડોને વિયંગચાન ખાતે આજે મંત્રણા કરી છે. બંને આગેવાનોએ દ્વિપક્ષીય સહકાર મજબૂત કરવા અંગે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. શ્રી મોદીએ આસિયાન શિખર બેઠક અને પૂર્વ એશિયા શિખર બેઠકના સફળ આયોજન માટે શ્રી સિફાન્ડોનને અભિનંદ આપ્યા હતા.

આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ થાઈલેન્ડના પ્રધાનમંત્રી પી. શીનવાત્રા સાથે પણ દ્વિપક્ષીય સહકાર મજબૂત બનાવવા મંત્રણા કરી હતી.

અગાઉ વિયંગચાન ખાતે યોજાયેલી પૂર્વ એશિયાઈ શિખર બેઠકમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હિન્દ – પ્રશાંત વિસ્તારને શાંતિ અને સમૃદ્ધિવાળો વિસ્તાર બનાવવા મુક્ત, સર્વસમાવેશક, સમૃધ્ધ અને નિયમ આધારિત ક્ષેત્ર બનાવવા ઉપર ભાર મૂક્યો હતો.

શ્રી મોદીએ વિશ્વના કેટલાંક સ્થળોએ ચાલી રહેલાં સંઘર્ષનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, વિસ્તારવાદ નહીં પણ વિકાસને મહત્વ આપવું જોઈએ. હાલમાં ચાલી રહેલા આ સંઘર્ષો વિકાસશીલ દેશો ઉપર નકારાત્મક અસરો કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, શાંતિ અને સમૃદ્ધિ માટે દરેક દેશની એકતા, સાર્વભૌમત્વ અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન થવું જોઈએ. તેમણે સંઘર્ષનો ઉકેલ મેળવવા રાજદ્વારી પ્રયાસ અને મંત્રણાને મહત્વ આપવા અનુરોધ કર્યો હતો. આંતકવાદને વૈશ્વિક શાંતિ સામેનો મુખ્ય પડકાર ગણાવીને શ્રી મોદીએ આતંકવાદનો સામનો સાથે મળીને કરવા સહુને અનુરોધ કર્યો હતો.

લાઓસની બે દિવસની મુલાકાત પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે દિલ્હી પાછા ફર્યા છે.

# RBI - PSPs

ભારતીય રીઝર્વ બેન્કે ડિજીટલ ચૂકવણી પદ્ધતિનો દિવ્યાંગજનો સરળતાથી ઉપયોગ શકે તે હેતુથી બધી જ બેન્કો અને બેન્ક સિવાયના આર્થિક એકમોને તેમની ચૂકવણી સેવાઓમાં જરૂરી સુધારા કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ હેતુથી રિઝર્વ બેન્કે કેન્દ્રિય નાણામંત્રલાય દ્વારા ગત બીજી ફેબ્રુઆરી 2024ના રોજ જારી કરાયેલા દિશાનિર્દેશોનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. બેન્કે જણાવ્યું છે કે, જરૂરી સુધારા કરતી વખતે ગ્રાહકોની સલામતીના પાસાને કેન્દ્રમાં રાખવું મહત્વનું છે. રીઝર્વ બેન્કે સૂચિત સુધારા માટે ચોક્કસ સમયના આધારે એક યોજના બનાવવા બેન્ક અને અન્ય સંસ્થાઓને અનુરોધ કર્યો છે.

# NIA---ARMS-SUPPLY-CASE

રાષ્ટ્રીય તપાસ સંસ્થા - એનઆઈએ છત્તીસગઢમાં માઓવાદીઓને શસ્ત્રોના પુરવઠાના કેસમાં સંડોવાયેલા મનાતા બે આરોપીઓની ધરપકડ કરી છે. આ બંને આરોપીઓ ઉત્તરપ્રદેશના વતની છે. આજની ધરપકડ સાથે એનઆઈએ દ્વારા આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની કુલ સંખ્યા વધીને છ થઈ છે.

તપાસ સંસ્થાએ જણાવ્યું છે કે, આ બંને આરોપીઓ માઓવાદીઓને શસ્ત્રોનો પુરવઠો કરવામાં સંડોવાયેલા જણાયા છે.

# NEW FOOD- DRUG-CHAGODAR

ગુજરાતના ખોરાક અને ઔષધનિયમન તંત્ર દ્વારા તહેવારોની સિઝનમાં નાગરિકોના આરોગ્ય સામે ચેડાં કરનારા તત્વો સામે વ્યાપક તપાસ શરુ કરવામાં આવી છે. જે અંતર્ગત અમદાવાદના ચાંગોદાર પાસે ખોરાક અને ઔષધનિયમન તંત્ર દ્વારા પાડવામા આવેલા દરોડામાં 410 જેટલા ભેળસેળ યુક્ત ઘીના ડબ્બા અને પેક કરેલા ઘીના પાઉચ ઝડપી પાડવામાં આવ્યા છે. આ દરોડા દરમિયાન 37 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

રાજ્યભરમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા  અલગ અલગ ટીમ જુદાજુદા જિલ્લાઓમાં કામગીરી કરી રહી છે જેમાં તેલ ઘી મસાલાઓ મીઠાઈ અને માવો બનાવનારા વેપારીઓ  ઉપર ખાસ નજર રાખવામાં આવી રહી છે.

# ARMY - AGNIVEERS

મહારાષ્ટ્રના દેવળાલી ખાતેના ફાયરિંગ રેન્જમાં થયેલા એક અકસ્માતમાં રાજકોટ અને પશ્ચિમ બંગાળના બે અગ્નિવીર જવાનો શહીદ થયા છે. લશ્કરના સૂત્રોના જણાવ્યા મુજબ ગોળીબારની તાલીમ વખતે થયેલાં આ અકસ્માતમાં કારણની તપાસ શરૂ કરાઈ છે.

લશ્કરના જણાવ્યા મુજબ રાજકોટના વિશ્વરાજસિંહ ગોહીલ અને પશ્ચિમ બંગાળના સૈકત શહીદ થયા છે. ભારતીય લશ્કરે આ દુર્ઘટના અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# REV INDIA - LEBANON

ભારતે લેબનોનની વર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે, ભારત લેબનોનની સમગ્ર પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી રહ્યો છે. તેમજ આ વિસ્તારમાં કથળતી જતી સલામતી વ્યવસ્થા અંગે ચિંતિંત છે. યાદીમાં જણાવ્યું છે કે, સંયુક્ત રાષ્ટ્રના અભિગમનું દરેકે સન્માન કરવું જોઈએ. તેમજ તેના આદેશોનું પાલન કરવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે રાષ્ટ્ર સંઘના બેઝ ખાતે ઇઝરાયલી દળોએ કરેલા તોપમારામાં રાષ્ટ્ર સંઘના શાંતિ રક્ષક દળના બે જવાનોને ઇજા થઈ હતી. સંયુક્ત રાષ્ટ્ર સંઘે આ મુદ્દે ચેતવણી જારી કરી છે.

દરમિયાન ઇઝરાયલના દળોએ દાવો કર્યો છે કે, પશ્ચિમ કાંઠા વિસ્તાર નજીક આવેલા શરણાર્થીઓના શિબિરમાં આશરો લઈ રહેલાં પેલેસ્ટાઇનના ઉગ્રવાદી જૂથના કમાન્ડર મોહમ્મદ અબ્દુલ્લાને ઠાર કરાયો છે.

# NOBLE-PEACE-PRIZE

પરમાણુ શસ્ત્ર મુક્ત વિશ્વનું લક્ષ્ય હાંસલ કરવા માટે સતત પ્રયાસ કરી રહેલાં જાપાનના નિહોન હિદાનક્યો સમૂહને આ વર્ષનો નોબલ શાંતિ પુરસ્કાર અપાશે. ઉલ્લેખનીય છે કે, વિશ્વ યુધ્ધ દરમિયાન જાપાનના હિરોશીમા અને નાગાસાકી શહેરમાં થયેલા પરમાણુ બોમ્બ વિસ્ફોટમાં બચી ગયેલા લોકોએ નિહોન હિદાનક્યો સમૂહની રચના કરી છે. આ સમૂહના પ્રતિનિધિઓ પરમાણુ શસ્ત્રોનો ફરી ઉપયોગ ન થાય તે માટે હંમેશા દેખાવો કરતાં હોય છે.

# MISHRA-MEET AIR POLLUTION

પ્રધાનમંત્રીના અગ્ર સચિવ પી. કે. મિશ્રાએ દિલ્હીમાં ધૂળમા સમસ્યા ઉકેલવાના ભાગરૂપે ખુલ્લા વિસ્તારો અને રસ્તાની આજુબાજુમાં વધુ વૃક્ષારોપણ કરવા અનુરોધ કર્યો છે.

દિલ્હી સરકાર દ્વારા બોલાવેલી બેઠકમાં શ્રી મિશ્રાએ શહેરમાં વાયુ પ્રદૂષણ ઘટાડવા ટૂંકા અને લાંબાગાળાના પગલાં ઝડપથી અમલમાં મૂકવા અને પ્રદૂષણને નિયંત્રણમાં લેવા કાયદાઓને અસરકારક રીતે અમલમાં મૂકવા પર પણ ભાર મૂક્યો હતો.

# IMD-WEATHER

હવામાન વિભાગે જણાવ્યું છે કે, કર્ણાટક અને ગોવાના દરિયા કિનારા નજીક અરબી સમુદ્રમાં ઊભું થયેલું હવાનું હળવું દબાણ હવાના તીવ્ર દબાણમાં રૂપાંતરિત થઈને આગામી બે ત્રણ દિવસમાં વાયવ્ય દિશામાં આગળ વધે એવી સંભાવના છે. આના કારણે ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતના કેટલાંક વિસ્તારોમાં હળવોથી ભારે વરસાદ આગામી બે દિવસમાં પડી શકે છે.

# BETTING APP ARREST

સત્તાવાળાઓએ મહાદેવ બેટિંગ એપ કૌભાંડ કેસના મુખ્ય આરોપી સૌરભ ચંદ્રાકરની આજે દુબઈમાં ધરપકડ કરી છે. ભારતના એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા ગયા વર્ષે જારી કરાયેલી રેડ કોર્નર નોટિસના આધારે સૌરભ ચંદ્રાકરની ધરપકડ કરાઈ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીના પ્રત્યાર્પણની પ્રક્રિયા શરૂ કરાઈ છે અને આરોપી ચંદ્રાકરને એકાદ અઠવાડિયામાં ભારત લાવવામાં આવે એવી સંભાવના છે.

# PAKISTAN- MINERS KILLED

પાકિસ્તાનના બૂલચિસ્તાન પ્રાંતમાં આવેલી કોલસાની એક ખાણમાં અજાણ્યા સશસ્ત્ર હુમલાખોરે કરેલા હુમલામાં 20 શ્રમિકોના મોત થયા છે અને આઠ જણાને ઇજા થઈ છે. ડૂકી પ્રાંતના વડાએ જણાવ્યું છે કે, હુમલાખોરોએ હેન્ડગ્રેનેડ અને રોકેટ લોન્ચરો વડે હુમલો કર્યો હતો.

સત્તાવાળાઓએ પોલીસ, અર્ધલશ્કરી દળ અને બચાવ ટૂકડીના જવાનોને સંબંધિત ખાણમાં મોકલ્યા છે.

# NAVARATRI CELEBRATIONS

મધ્યપ્રદેશના ભોપાલમાં નવરાત્રિના પર્વની હર્ષોલ્લાસ અને પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. અમારા સંવાદદાતા જણાવે છે કે, ભોપાલના આ વર્ષે દોઢ હજારથી વધુ પંડાલોમાં માતાની સ્થાપના અને પૂજા કરવામાં આવી રહી છે.

પંડાલોમાં અયોધ્યા ખાતેનું રામ મંદિર, અમરનાથ યાત્રા, પાકિસ્તાન ખાતેના હિંગળજ માતાજીના મંદિર સહિતની વિવિધ ઝાંખીઓ  ભાવિકોને આકર્ષી રહી છે. વહીવટી તંત્રે દુર્ગા પૂજા અને દશેરા પર્વની ઉજવણી માટે વિશેષ વ્યવસ્થા કરી છે.